# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશમાં 58 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
2) પ્રધાનમંત્રી કેરળમાં આજે દેશનાં પ્રથમ અર્ધ સ્વચાલિત વિઝિન્જમ-બંદરને દેશને સમર્પિત કરશે.
3) મુંબઈમાં વેવ્ઝ શિખર સંમેલનના ભાગરૂપે ભારત આજે પહેલી વખત ગ્લોબલ મીડિયા ડાયલૉગની યજમાની કરશે
4) સર્વોચ્ચ અદાલતે તબીબોને માત્ર જેનેરિક દવાઓ લખવાનો આદેશ આપ્યો
5) IPLમાં મુંબઈ ઇન્ડિયન્સે રાજસ્થાન રોયલ્સને 100 રનથી પરાજય આપ્યો

**************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ANDHRA PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના અમરાવતીમાં 58 હજાર કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી સમગ્ર દેશમાં વૈશ્વિક સ્તરના પાયાના ઢાંચા તેમજ સંપર્ક સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતા અનુરૂપ આંધ્રપ્રદેશમાં સાત રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાનું પણ ઉદ્ઘાટન કરશે. તેઓ છ રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓ અને એક રેલવે પરિયોજનાનું ખાતમુહૂર્ત કરશે.

આ ઉપરાંત શ્રી મોદી વિધાનસભા, વડી અદાલત, સચિવાલય, વહીવટી ભવન અને પાંચ હજાર 200-થી વધુ પરિવાર માટેના આવાસના મકાનોની પરિયોજનાઓનું પણ ખાતમુહૂર્ત કરશે. પ્રધાનમંત્રી આંધ્રપ્રદેશના નાગાય-લંકામાં અંદાજે એક હજાર 460 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા મિસાઈલ પરિક્ષણ રૅન્જનું ખાતમુહૂર્ત કરશે. તેમાં લૉન્ચ સેન્ટર, ટૅક્નિકલ ઉપકરણ સુવિધા, સ્વદેશી રડાર, ટૅલિમેટ્રી અને ઇલેક્ટ્રૉ-ઑપ્ટિકલ પ્રણાલિ સામેલ હશે, જે દેશની સંરક્ષણ તૈયારીઓને સુદ્રઢ બનાવશે. આ ઉપરાંત શ્રી મોદી અન્ય પરિયોજનાઓનું પણ ખાતમુહૂર્ત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAHALGAM INDIAN DIASPORA

ભારતીય રાજદ્વારી મિશન દ્વારા યોજાયેલી સભામાં રાજદ્વારીઓ અને વિશ્વભરના લોકોએ પહલગામ આતંકવાદી હુમલાના મૃતકો પ્રત્યે શોક વ્યક્ત કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં ભારતીય રાજદૂત ભવન ખાતે પહલગામ આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા શોકસભા યોજી. ભારતીય સમુદાયના સભ્યો સાથે સ્થાનિક નાગરિક, ભારતીય મિત્રો સાથે મળીને પ્રદર્શન કર્યું અને મૃતકો માટે પ્રાર્થના કરી. રશિયાના સૅન્ટ પીટર્સ-બર્ગમાં આવેલા ભારતીય મહા-વાણિજ્ય રાજદૂતભવન ખાતે ભારતીય સમુદાયના લોકોએ આતંકી હુમલાના મૃતકોની યાદમાં બે મિનિટનું મૌન પાળ્યું હતું.

અલ્જિરિયામાં એક ભારતીય કંપનીના સભ્યો અને તેમના પરિવારોએ પહલગામ આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી. તો જર્મનીમાં એક સમારોહમાં અનેક જર્મન નેતાઓ અને ભારતીય પ્રવાસીઓએ આતંકી હુમલાના ભોગ બનેલા નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV PM KERALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેરળમાં આજે દેશનાં પ્રથમ અર્ધ-સ્વચાલિત વિઝિન્જમ બંદરને દેશને સમર્પિત કરશે. શ્રી મોદી બંદરના સંચાલન ભવનની પણ મુલાકાત લેશે અને નિયંત્રણ પ્રણાલિઓનું નિરીક્ષણ કરશે. જાહેર-ખાનગી ભાગીદારી મૉડલ અંતર્ગત આ બંદરનો વિકાસ કરાશે. વિઝિન્જમ બંદરના પહેલા તબક્કાનું નિર્માણ ડિસેમ્બર 2024માં પૂર્ણ થયું હતું. આ બંદર કેરળની મહત્વની પરિયોજના છે અને અંદાજે ત્રણ દાયકાથી તે પૂર્ણ થાય તેવી રાહ જોવાઈ રહી છે.

આ સમારોહમાં કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર, મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનન્દ સોનોવાલ, રાજ્ય મંત્રીઓ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA WAVES SUMMIT

મુંબઈના જિઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં વેવ્ઝ શિખર સંમેલનના ભાગરૂપે ભારત આજે પહેલી વખત ગ્લૉબલ મીડિયા ડાયલૉગની યજમાની કરશે. વૈશ્વિક માધ્યમો અને મનોરંજન ક્ષેત્ર સાથે ભારતના જોડાણની દ્રષ્ટિએ આ એક ઘણી મહત્વની ઘટના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ચાર દિવસની પરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું.

માહિતી અને પ્રસારણ મંત્રાલય; વિદેશ મંત્રાલયના સહયોગથી આ ગ્લૉબલ મીડિયા ડાયલૉગનું આયોજન કરી રહ્યું છે. તેમાં ઍશિયા, યુરૉપ, આફ્રિકા અને અમેરિકાના પ્રતિનિધિમંડળો સહિત 60થી વધુ દેશ ભાગ લે તેવી શક્યતા છે.

આ સંવાદનો ઉદ્દેશ આંતર-રાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન, શ્રેષ્ઠ પ્રથાઓને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક માધ્યમ ક્ષેત્રની સંભાવનાઓ પર નીતિને પ્રોત્સાહન અને સુમેળ સાધવો, પ્રતિભાઓને એકબીજા સાથે કામ કરવાની તક પૂરી પાડવાની અને તેમની ક્ષમતાઓને વધારવાના રસ્તાઓ શોધવાની જરૂર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SC GENERIC MEDICINES

સર્વોચ્ચ અદાલતે તબીબોને દર્દીઓ માટે એક વિશેષ કંપનીની દવાઓ ન લખવા અને માત્ર જેનેરિક દવાઓ લખવાનો આદેશ આપ્યો છે. રાજસ્થાન વડી અદાલત પહેલા જ આ આદેશ આપી ચૂકી છે. દવા કંપનીઓની મનમાની સાથે સંબંધિત એક અરજી પર સુનાવણી કરતા સર્વોચ્ચ અદાલતે કહ્યું, જો સમગ્ર દેશમાં આ નિર્ણયનું પાલન કરાશે તો મહત્વના સુધારા આવી શકે છે.

સર્વોચ્ચ અદાલતના ત્રણ ન્યાયાધીશ; ન્યાયમૂર્તિ સંદીપ મહેતા, ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને સંજય કરોલની ખંડપીઠે આ આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે કહ્યું, આનાથી તબીબોને દવાઓ વેચનારી કંપનીઓ દ્વારા કથિત રીતે લાંચ આપવાની બાબતનું નિવારણ આવી શકશે. રાજસ્થાનમાં આ મામલે એક કાર્યકારી આદેશ જાહેર કરાયો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, તબીબોએ દર્દીઓ માટે જેનેરિક દવાઓ જ લખવી પડશે. તબીબો દર્દીઓને કોઈ વિશેષ કંપનીની દવાઓ નહીં લખી શકે. અદાલતે કહ્યું, આ નિર્ણયથી ચિકિત્સા ક્ષેત્રમાં મહત્વના સુધારો આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

………………………………………………………………

# SITHARAMAN GST

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, એપ્રિલ મહિનામાં વિક્રમી વસ્તુ અને સેવા કર- G.S.T. સંગ્રહ ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ અને અસરકારક સહકારી સમવાયી વ્યવસ્થાનું પ્રતિબિંબ છે. એપ્રિલ માટે કુલ G.S.T. સંગ્રહ બે લાખ 36 હજાર કરોડ રૂપિયા રહ્યું છે. આ સંગ્રહ એપ્રિલ 2024માં બે લાખ 10 હજાર કરોડ રૂપિયાના કુલ સંગ્રહથી બાર પૂર્ણાંક છ ટકા વધુ છે.

સુશ્રી સીતારમણે ઉમેર્યું, એપ્રિલ 2025માં ચોખ્ખો G.S.T. સંગ્રહ બે લાખ નવ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે, જે ગત એપ્રિલ 2024ના એક લાખ 92 હજાર કરોડ રૂપિયાના ચોખ્ખા સંગ્રહની સરખામણીએ નવ પૂર્ણાંક એક ટકા વધુ છે. સોશિયલ મીડિયા સંદેશમાં સુશ્રી સીતારમણે કરદાતાઓનો આભાર વ્યક્ત કરતા કહ્યું, તેમનું યોગદાન અને G.S.T.માં વિશ્વાસ દેશની પ્રગતિને ગતિ આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KEDARNATH DHAM

ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના કપાટ આજે સવારે શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવાયા છે. બાબા કેદારનાથની પંચમુખી ચલવિગ્રહ ઉત્સહ ડોલી પણ સેનાના બૅન્ડની મધુર ધૂન અને ભક્તિના જયકાર સાથે ધામ પહોંચી ગઈ છે. અમારા સંવાદદાતાએ જણાવ્યું, દસ હજારથી વધુ તીર્થયાત્રીઓ પવિત્ર મંદિર પહોંચ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BADMINTON SUDIRMAN CUP

સુદીરમન કપ બેડમિન્ટનમાં ભારતે ગઈકાલે ચીનના જિયામેન ખાતે પોતાની અંતિમ ગૃપ ડી મેચમાં ઇંગ્લેન્ડને ત્રણ બેથી પરાજય આપ્યો. જોકે, ભારતીય ટીમ જીતવા છતાંય ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી. સ્પર્ધામાં ડેનમાર્ક અને ઇન્ડોનેશિયા ગૃપ ડીથી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-ટ્વેન્ટી ક્રિકેટમાં મુંબઈ ઇન્ડિયન્સે ગઈકાલે રાજસ્થાન રોયલ્સને 100 રનથી પરાજય આપ્યો. મુંબઈએ રાજસ્થાનને જીતવા 218 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં રાજસ્થાનની ટીમ 117 રનમાં ઑલ-આઉટ થઈ ગઈ હતી. રાજસ્થાન માટે જોફ્રા આર્ચરે સૌથી વધુ 30 રન બનાવ્યા. જ્યારે મુંબઈ માટે ટ્રેન્ટ બૉલ્ટ અને કર્ણ શર્માએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

આ પહેલા રાજસ્થાને ટૉસ જીતીને મુંબઈની ટીમને બેટિંગ કરવા આમંત્રણ આપ્યું. મુંબઈએ 20 ઑવરમાં બે વિકેટ ગુમાવી 217 રન બનાવ્યા. મુંબઈ તરફથી રયાન રિકેલ-ટને સૌથી વધુ 61 રન બનાવતા તેમને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા. દરમિયાન રાજસ્થાનના મહીશ તિક્ષના અને રિયાન પરાગે એક-એક વિકેટ લીધી હતી.

આજે ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી મૅચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજે તમામ અખબારોએ મુંબઇમાં શરૂ થયેલી વેવ્સ સમિટનુ ઉદઘાટન, જીએસનટીની આવકમાં વધારો, ભારત પાકિસ્તાન વચ્ચેના તણાવને ઘટાડવા અમેરિકાના પ્રયાસો, દક્ષિણ કાશ્મીરના જંગલોમાં બૈસરન હુમલાના આતંકવાદીઓ સંતાયા હોવાના સમાચાર તેમજ સ્વર્ગસ્થ લેફ્ટનન્ટ જનરલ નરવાલની પત્નીની મુસ્લિમો અને કાશ્મીરીઓને ટાર્ગેટ ન કરવા અપીલના સમાચાર જોવા મળી રહ્યાં છે.

અખબારો અનુસાર જોઇએ તો  ભારત અને વિશ્વ માટે સર્જનનો આ યોગ્ય સમય હોવાના નિવેદન સાથે નવ ગુજરાત સમયે હેડલાઇન બનાવી છે

જીએસટીની અધધ રૂપિયા 2.37 લાખ કરોડની આવકના સમાચારની હેડલાઇન ગુજરાત સમાચારે બનાવી છે

દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે ઢાકાના આઇએસઆઇ એજન્ટો ભારતમાં આતંકવાદ ફેલાવવું કાવતરૂ ઘડી રહ્યાં છે

આતંકીઓને વીણી વીણીની મારશુ એવા અમિત શાહના નિવેદનને હેડલાઇનમાં આવર્યું છે. રાજસ્થાન પત્રિકાએ લખ્યુ છે કે દક્ષિણ કશ્મીર કે જંગલોમે છિપે હૈ બૈસરન કે હમલાવર

અંગ્રેજી અખબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને ઘટાડવા ઉપર અમેરિકાના પ્રયાસને હેડલાઇનમાં કવર કર્યા છે.

રાજ્ય અને સ્થાનિક સમાચારમાં આધુનિક યુધ્ધ જહાજ આઇએનએસ સુરતના હજીરા દરિયાકાંઠે પહોંચ્યુ, ભરૂચ, અંકલેશ્વરમાં લાયસન્સ  વગર દવા બનાવીને અમદાવાદમાં વેચવાનું કૌભાડ ઝડપાયું હોવાના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે..ગુજરાત ટાઇટન્સના ટીમ રૂમમાં ગુજરાતી સંસ્કૃતિની તૈયારકારયેલી ઝલક અને ખેલાડીઓ દાંડિયા રાસ રમતા હોવાના સમાચાર તસવીરસાથે છપાયાં છે.

સ્પોર્ટસ પેજ ઉપર આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાનારી ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદ્રાબાદની મેચના સમાચાર પણ વાંચવા મળી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

.................................................................